દાખલ તારીખ : ૨૧/૦૫/૨૦૨૬

રજીસ્ટર તારીખ : ૨૧/૦૫/૨૦૨૬

નિકાલ તારીખ : ૧૬/૦૬/૨૦૨૬

સમય અવધિ : વર્ષ : માસ : દિવસ :
: ૦૦ : ૦૦ : ૨૬ :

**મે. ફોર્થ એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની અદાલત સમક્ષ, મું. ભાવનગર.**

**ફોજદારી રીવીઝન અરજી નં.૮૬/૨૦૨૬**

**આંક – ૭**

ગોપાલકુમાર ભગવાનરામ,
ઉ.વ.આ.૨૬, ધંધો–ખેતી,
રહે. ગુલ્લેકીબેરી શોભાલા દર્શાન,
જી. બાડમેર (રાજસ્થાન) .............અરજદાર.

**વિરુધ્ધ**

શ્રી સરકાર ............સામાવાળા.

**બાબત: બી.એન.એસ.એસ.ની કલમ–૪૩૮ અન્વયે રીવીઝન અરજી.**

---

અરજદાર તરફે વિ.વ. શ્રી કે.એલ.લાધવા.
સામાવાળા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી સી.એમ.પરમાર.

---

**–: ચુકાદો :–**

**૧.** અરજદારે શિહોર પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં.૧૧૧૯ ૮૦૪૭૨૬૦૧૯૩/૨૦૨૬ થી નોંધાયેલ પ્રોહી. એકટની કલમ ૬૫(એ), ૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૯૮(૨) તથા બી.એન.એસ.ની કલમ ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨), ૬૧, ૫૪ (ફોજદારી કેસ નં. ૫૮૬/૨૦૨૬) મુજબના ગુન્હાના કામે મુદ્દામાલ વાહન કીયા સેલ્ટોસ ફોર વ્હીલ ગાડી રજી. નં. GJ 08 FA 6877 કબજે કરેલ છે તેની વચગાળાની

કસ્ટડી મેળવવા સિહોરના વિ. એડી. જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસની કોર્ટ સમક્ષ અરજી દાખલ કરેલ જે અરજી અન્વયે મુદ્દામાલ અરજી નામંજૂર કરતો હુકમ કરેલ હોય તે હુકમથી નારાજ થઈ અરજદારે હાલની રીવીઝન અરજી દાખલ કરેલ છે.

૨. અરજી સંદર્ભે સામાવાળા સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રી હાજર થયેલ છે. અરજદાર તરફે વિ.વ.શ્રી તથા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીની દલીલો સાંભળી.

૩. અરજદાર તરફે વિ.વ.શ્રીની એવી રજુઆત છે કે, આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહન અરજદારની માલિકીનું છે. માલિકી અંગે કોઈ તકરાર નથી તેમજ અન્ય કોઈ દ્વારા મુદ્દામાલ અંગે કલેઈમ કરવામાં આવેલ નથી. તેમજ સિહોરના નામ. એડી. જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસની કોર્ટ સમક્ષ દાખલ કરેલ અરજદારની મુદ્દામાલ અરજી નામંજૂર કરતો હુકમ કરેલ છે તે હુકમ ઈલીગલ, પરવશ અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનો હોય રદ્દ થવા પાત્ર હોવાની દલીલ કરેલ છે. વધુમાં, દલીલ કરી જણાવેલ છે કે, મુદ્દામાલ વાહન અરજદારનુ રોજ બરોજના વપરાશનું સાધન હોય અને સદરહું મુદ્દામાલ ટ્રાયલ ચાલતા સુધી પો.સ્ટે.માં પડયુ રહે તો તેનુ ઓરીજનલ અસ્તિત્વ રહે નહી અને વાહનની બોડી, ચેચીસ, એન્જિન, સ્પેરપાર્ટસ, ટાયર ટયુબ વિગેરે સડી જાય બગડી જાય તેમ છે. જેથી હાલની રીવીઝન અરજી  મંજુર કરી, સિહોરના વિ. એડી. જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસની કોર્ટ સમક્ષ મુદ્દામાલ અરજી દાખલ કરેલ તે અરજી અન્વયે કરવામાં આવેલ હુકમ રદ્દ કરી, મુદ્દામાલ વાહન અરજદારને વચગાળાની કસ્ટડીમાં સોંપવાનો હુકમ કરવા વિનંતી કરેલ છે.

૪. સરકારપક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રીની એવી રજૂઆત છે કે, આ કામે મોટા  જથ્થામાં પ્રોહી. મુદામાલ પકડાયેલ હોય, કલમ ૯૮(૨) ના પ્રબંધો

મુજબ મુદ્દામાલ અરજદારને વચગાળાની કસ્ટડીમાં સોંપી શકાય તેમ ન હોય, નીચેની અદાલત ધ્વારા કરવામાં આવેલ હુકમ યોગ્ય અને કાયદેસરનો હોય, તેમાં હસ્તક્ષેપ કરવાની કોઈ જરુરીયાત રહેતી ન હોય, રીવીઝન અરજી નામંજુર કરવા જણાવેલ છે.

**૫.** બંને પક્ષકારો તરફે વિ.વ.શ્રીની દલીલો લક્ષમાં લીધી. ટ્રાયલ કોર્ટનો હુકમ વંચાણે લીધો. તેમજ સદર અરજીના સંદર્ભમાં પોલીસ અભિપ્રાય વંચાણે લીધો. અરજદાર ધ્વારા સિહોરના વિ. એડી. જયુડી. મેજી. ફર્સ્ટ કલાસની કોર્ટ સમક્ષ વચગાળાની કસ્ટડીમાં મુદ્દામાલ પરત મેળવવા અરજી દાખલ કરવામાં આવેલ, જે અરજી અન્વયે કરવામાં આવેલ હુકમ વંચાણે લેતાં, મુદ્દામાલ વાહન સદર ગુન્હાના કામે ઉપયોગમાં લેવામાં આવેલ છે અને આરોપીના કબજામાંથી સદર ગુન્હાના કામે ગેરકાયદેસર વગર પાસ પરમીટે ભારતીય બનાવટના ઈંગ્લીશ દારુનો જથ્થો ઘણી મોટી એટલે કે, ૨૦ લીટર કરતા પણ વધુમા માત્રામાં કબજે કરવામાં આવેલ હોય, તે હકીકત ધ્યાને લઈ, કલમ–૯૮(૨) તથા તેના અનુસંધાને સરકાર ધ્વારા બહાર પાડવામાં આવેલ નોટીફીકેશન ધ્યાને લઈ અરજી મંજુર કરવાપાત્ર જણાતી ન હોવાથી અરજી નામંજુર કરવાનો હુકમ કરેલ છે. વધુમાં, આ કામે અરજદાર તરફે મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, સિહોરના વિ. એડી. જયુડી. મેજી. ફર્સ્ટ કલાસની કોર્ટ સમક્ષ મુદ્દામાલ વચગાળાની કસ્ટડીમાં પરત મેળવવા અરજી દાખલ કરેલ જે અરજી અન્વયે કરવામાં આવેલ હુકમ કાયદા વિરૂધ્ધનો હોય રદ્દ થવા પાત્ર છે અને પ્રોહીબીશન એકટના ગુનામાં કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અરજદારને પરત સોંપવો જોઈએ અને જો મુદ્દામાલ વાહન પોલીસ કસ્ટડીમાં રહે તો વાહનનું બોડી, ચેસીસ અને એન્જીન વિગેરે સડી જાય બગડી જાય તેમ છે, જેથી મુદ્દામાલ વચગાળાની કસ્ટડીમાં સોંપવાનો હુકમ કરવો જોઈએ, તેવી અરજદાર તર્ફે

રજુઆત કરવામાં આવેલ છે. પરંતુ એફ.આઈ.આર. ધ્યાને લેતાં, સદર ગુન્હામાં સદરહું મુદ્દામાલ વાહનનો ઈંગ્લીશ દારુના જથ્થાની હેરફેર કરવા માટે ઉપયોગ કરેલ હોય, તપાસ કરનાર અધિકારી ધ્વારા મુદ્દામાલ કીયા સેલ્ટોસ ફોર વ્હીલ ગાડી રજી. નં. GJ 08 FA 6877 પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ હોવાની હકીકત દર્શાવવામાં આવેલ છે. તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પ્રોહીબીશન એકટ મુજબના ગુનાના કામે પકડાયેલ મુદ્દામાલ વચગાળાની કસ્ટડીમાં મેજીસ્ટ્રેટ શ્રી સોંપી શકે કે કેમ? તેવા પ્રશ્ન સંદર્ભે પરેશકુમાર જયકરભાઈ બ્રહમભટ્ટ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનો ચુકાદો જે ૨૦૧૮ (૧) જી.એલ.આર. ૫૫૮ ઉપર પ્રસિધ્ધ થયેલ છે સદર ચુકાદાના પેરા–૬૫ માં નામ. ગુજરાત હાઈકોર્ટે એવુ ઠરાવેલ છે કે જયારે શરાબનો જથ્થો ૧૦ લીટરથી વધુ હોય ત્યારે મેજીસ્ટ્રેટને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૫૧ અને ૪૫૭ હેઠળ વચગાળાના તબકકે વાહન છુટુ કરવાની હકુમત નથી. મેજીસ્ટ્રેટની સી.આર.પી.સી.ની કલમ ૪૫૧ અને ૪૫૭ હેઠળની સત્તાઓ પર નશાબંધી અધિનીયમની કલમ ૯૮(૨) થી કાપ મુકાય છે. આમ, નામ. ગુજરાત હાઈકોર્ટનો ઉપરોકત ચુકાદો લક્ષમાં લેતા તથા સરકારશ્રી ધ્વારા બહાર પાડવામાં આવેલ હોમ ડીપાર્ટમેન્ટ, સચીવાલય, ગાંધીનગરના તા.૨/૭/૨૦૧૯ ના નોટીફીકેશન નં. GG/65/2019/VDR/10/2009/2061/E-1 લક્ષમાં લેતાં, પ્રોહી. મુદ્દામાલ ૨૦ લીટરથી વધુ હોય ત્યારે તેવા કેસમાં મેજીસ્ટ્રેટને મુદ્દામાલ વચગાળાની કસ્ટડીમાં સોંપવાની સત્તા નથી. આમ, સિહોરના વિ. એડી. જયુડી. મેજી. ફર્સ્ટ કલાસની કોર્ટ સમક્ષ અરજદારે મુદ્દામાલ વચગાળાની કસ્ટડીમાં સોંપવા માટે અરજી દાખલ કરેલ તે અરજી અન્વયે અરજી નામંજુર કરવાનો જે હુકમ કરેલ છે તે હુકમ યોગ્ય અને કાયદેસરનો હોય, તેમાં હસ્તક્ષેપ કરવા પાત્ર નથી. જેથી હાલની રીવીઝન અરજી લગત નીચે મુજબ આખરી હુકમ કરુ છું.

**-: હુકમ :-**

(૧) અરજદારની હાલની રીવીઝન અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) સિહોરના વિ. એડી. જયુડી. મેજી. ફર્સ્ટ કલાસનાઓએ તા.૧૩/૦૫/૨૦૨૬ ના રોજ શિહોર પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં.૧૧૧૯૮૦૪૭૨૬૦૧૯૩/૨૦૨૬ પ્રોહી. એકટની કલમ ૬૫(એ), ૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૯૮(૨) તથા બી.એન.એસ.ની કલમ ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨), ૬૧, ૫૪ (ફોજદારી કેસ નં. ૫૮૬/૨૦૨૬) મુજબના ગુન્હાના કામે અરજદારની મુદ્દામાલ વચગાળાની કસ્ટડીમાં પરત મેળવવાની અરજી લગત કરેલ હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

(૩) ટ્રાયલ કોર્ટને સદર હુકમની જાણ માટે યાદી કરવી.

હુકમ આજરોજ તા.૧૬'મી, માહે : જુન, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર.
તા.૧૬/૦૬/૨૦૨૬

(હેતલ સુરેશચંદ્ર દવે)
ફોર્થ એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.
UI CODE NO.GJ00693

*Bhavik*